



તંત્રી - પ્રકાશક :
**શ્રી ભરતભાઇ પ્રવીણકાંત રેશમવાળા**

કલા સંયોજક :
**સનત દવે**



**શ્રેયસ દેસાઈ**

**કાયદાક્ષેત્રના દિગ્ગજ,**
**જ્યોતિષશાસ્ત્રના માર્ગદર્શક**

શ્રેયસ દેસાઈ છેલ્લા ચાર દાયકાથી કાયદાકીય ક્ષેત્રે અવિરત સેવા આપી રહ્યા છે. ખાસ કરીને ગ્રાહક સુરક્ષા કાનૂનમાં તેમનું યોગદાન અપ્રતિમ છે.
જ્યોતિષશાસ્ત્રમાં પ્રભાવશાળી યોગદાન
વકીલાના વ્યવસાય સાથે સાથે શ્રી દેસાઈએ જ્યોતિષ શાસ્ત્ર, હિંદુ ધર્મના ગ્રંથો, મંત્રો અને સ્તોત્રોનો ઊંડો અભ્યાસ કર્યો છે. તેમણે અનેક ધાર્મિક પુસ્તકો લખ્યા છે, જ્યોતિષાચાર્ય પદવી પણ પ્રાપ્ત કરનાર
શ્રેયસ દેસાઈ માત્ર પ્રખ્યાત વકીલ જ નહીં, પરંતુ એક વિઝનરી જ્યોતિષાચાર્ય, લેખક, કોલમીસ્ટ અને આધ્યાત્મિક માર્ગદર્શક છે.

# સંવત ૨૦૮૨માં દેશનું અર્થતંત્ર મજબૂત બનશે

**જનમાનસ અને સામાજિક સ્થિતિઃ-** શનિ મીન રાશિમાં રહેવાથી સમાજમાં ધાર્મિકતા, આધ્યાત્મિકતા અને સામાજિક સુધારા માટે ઝુકાવ વધશે. યુવાનોમાં દેશપ્રેમ તથા આત્મવિશ્વાસ વધશે. પરંતુ રાહુ કુંભમાં હોવાથી મીડિયા અને ટેક્નોલોજી દ્વારા ક્યારેક અફવા કે ગેરમાર્ગદર્શન ફેલાઈ શકે છે. સમાજમાં જૂના-નવા મૂલ્યો વચ્ચે ટકરાવ જોવા મળશે, છતાં રાષ્ટ્રીય એકતાનો ભાવ મજબૂત બનશે.



**આરોગ્ય ક્ષેત્રઃ-** ગુરુ મિથુન અને કર્ક રાશિમાં ગોચર કરવાના કારણે આરોગ્ય ક્ષેત્રે સંશોધન, મેડિકલ ટેક્નોલોજી અને દવાઓમાં ભારત પ્રગતિ કરશે. સરકારી સ્તરે આરોગ્ય સુવિધાઓનો વિસ્તાર થશે. તેમ છતાં પ્રદૂષણ અને આબોહવાની અસરોને લીધે મેટ્રો શહેરોમાં શ્વાસરોગ તથા પાણીજન્ય રોગો વધી શકે છે.

**વેપાર અને ઉદ્યોગઃ-** ગુરુની કૃપાથી વેપાર-ઉદ્યોગમાં તેજી રહેશે. માહિતી ટેક્નોલોજી, ટેલિકોમ્યુનિકેશન, ઇલેક્ટ્રોનિક્સ, સ્ટાર્ટ-અપ ક્ષેત્રે ભારત વિશ્વમાં આગવું સ્થાન મેળવશે. મકાન-નિર્માણ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે મોટા રોકાણ આવશે. વિદેશી મૂડીરોકાણ ભારત તરફ આવશે.

**શિક્ષણ અને સંશોધનઃ-** ગુરુ કર્ક રાશિમાં હોવાથી ઉચ્ચ શિક્ષણ, વૈજ્ઞાનિક સંશોધન અને અવકાશ ક્ષેત્રે ભારતને સફળતા મળશે. નવી યુનિવર્સિટીઓ, ટેકનિકલ સંશોધન કેન્દ્રો તથા ઇનોવેશન હબ શરૂ થશે. વિદ્યાર્થીઓ માટે વિદેશ અભ્યાસના માર્ગો ખુલશે.

**પ્રવાસ અને આંતરરાષ્ટ્રીય સંબંધોઃ-** ભારતના પર્યટન ક્ષેત્રે અદ્ભુત વિકાસ થશે. ધાર્મિક યાત્રાધામો તથા ઐતિહાસિક સ્થળો પર પ્રવાસીઓની ભીડ વધશે. આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતના રાજકીય અને આર્થિક સંબંધો મજબૂત બનશે. રશિયયા, યુરોપિયન યુનિયન અને જાપાન સાથે મજબૂત ગઠબંધન બનશે. ચીન સાથે સરહદી તણાવ યથાવત રહેશે પરંતુ મોટા સંઘર્ષની શક્યતા ઓછી.

**નાણાકીય સ્થિતિ અને અર્થતંત્રઃ-** ભારતનું અર્થતંત્ર મજબૂત બનશે. સ્ટોક માર્કેટમાં તેજી ખાસ કરીને ટેક્નોલોજી, ફાર્મા, એનર્જી, ઓટોમોબાઇલ ક્ષેત્રે જોવા મળશે. સરકારની નવી આર્થિક નીતિઓથી ગ્રામિણ વિકાસ તથા ઉદ્યોગોને વેગ મળશે. પરંતુ રાહુના પ્રભાવને કારણે ક્યારેક અચાનક બજારમાં ઉતાર-ચઢાવ આવશે.

ન્યાય તંત્ર અને કાયદોઃ- સુપ્રીમ કોર્ટ તથા હાઈકોર્ટોના મહત્વના ચુકાદા સરકારની નીતિઓને પ્રભાવિત કરશે. પર્યાવરણ, ગ્રાહક હિત અને શિક્ષણ સંબંધિત ચુકાદાઓ ઐતિહાસિક સાબિત થશે. ન્યાયતંત્રમાં પારદર્શિતા અને લોકવિશ્વાસ વધશે.

**કેન્દ્ર સરકાર અને રાજકીય પરિસ્થિતિઃ-** શનિ-ગુરુની સકારાત્મક સ્થિતિને કારણે કેન્દ્ર સરકાર મજબૂત રહેશે. સરકારને પ્રજાસમર્થન મળશે. આર્થિક સુધારાઓ તથા વિદેશ નીતિમાં ભારતનો પ્રભાવ વધશે. તેમ છતાં રાહુની પ્રતિકૂળતાને કારણે કેટલાક રાજ્યોમાં રાજકીય અસંતોષ જણાય.

# પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પોતે ઈચ્છે ત્યાં સુધી સત્તા પર રહી શકે

*નરેન્દ્ર મોદીજીની સામાન્ય સ્વીકૃત કુંડળી મુજબ વૃશ્ચિક લગ્ન અને વૃશ્ચિક રાશિ ધરાવે છે. ચંદ્ર પણ વૃશ્ચિકમાં હોવાથી તે લોકો પર ઘેરો પ્રભાવ પાડે છે. આ જન્મકુંડળીમાં શનિ-ગુરુની મજબૂત દશા તેમને રાજકીય ક્ષેત્રે અડગ નેતૃત્વ આપે છે.*

**માનસિક અને આરોગ્ય સ્થિતિ : કોઇ સંકટ નથી.**

સંવત્ ૨૦૮૨ દરમિયાન શનિ મીનમાં અને ગુરુ મિથુન તથા કર્કમાં ગોચર કરશે. આ સ્થિતિએ તેમને માનસિક રીતે સ્થિરતા અને આત્મવિશ્વાસ આપશે. આરોગ્ય ક્ષેત્રે કોઈ સંકટ દેખાતું નથી.

**રાજકીય કાર્યક્ષેત્ર : બધુ કાબુમાં રહેશે.**

આ વર્ષે ગુરુના શુભ ગોચરથી કેન્દ્ર સરકારને મજબૂત આધાર મળશે. તેમ છતાં રાહુ કુંભમાં હોવાને કારણે વિરોધ પક્ષ દ્વારા અચાનક વિરોધ, આંદોલન અથવા નીતિગત પડકાર ઊભા થઈ શકે છે.

**આર્થિક નીતિઓ અને વિકાસ : માર્કેટમાં તેજી**

શનિ-ગુરુના સંયુક્ત પ્રભાવથી મોદીજીની સરકાર આર્થિક સુધારા અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ તરફ વધુ ધ્યાન આપશે. ગ્રામીણ વિકાસ, ટેક્નોલોજી, ઉદ્યોગ અને નોકરી ક્ષેત્રે નવી યોજનાઓ અમલમાં આવશે. સ્ટોક માર્કેટ અને વિદેશી મૂડીરોકાણમાં વૃદ્ધિ થશે.





સરેરાશ નિષ્કર્ષ એવો નિકળે કે મોદી સાહેબ પોતે ઈચ્છે ત્યાં સુધી સત્તા પર રહી શકશે. તેમને કોઈ પરાજિત કરી શકશે નહીં.

**રાહુલ ગાંધી : દિલ્હી હજી ઘણું દૂર છે.**

સંવત ૨૦૮૨ રાહુલ ગાંધી માટે પરિવર્તનનું વર્ષ સાબિત થશે. જનસંપર્ક અને લોકપ્રિયતા વધશે. કૉંગ્રેસમાં સંગઠનાત્મક ભૂમિકા મજબૂત થશે. રાજ્યની વિધાનસભાની ચૂંટણીઓમાં આંશિક સફળતા મળશે, પરંતુ રાષ્ટ્રીય સત્તા હજી દૂર રહેશે. આરોગ્ય તથા માનસિક શાંતિ માટે સાવચેત રહેવું પડશે. સારાંશરૂપે કહીએ તો, આ સમયગાળો રાહુલ ગાંધીને તેમના પોતાના પક્ષમાં તેમજ વિપક્ષમાં "પક્ષમાં મુખ્ય નેતા" તરીકે મજબૂત કરશે, પણ તેમની કે તેમના પક્ષની "દેશના શાસક" બનવાની શક્યતા હાલમા નજીકના ભવિષ્યમા જણાતી નથી. તેમને માટે દિલ્હી હજી દૂર છે.

**સંવત ૨૦૮૨ રાહુલ ગાંધી માટે પરિવર્તનનું વર્ષ સાબિત થશે. જનસંપર્ક અને લોકપ્રિયતા વધશે**

# સંવત ૨૦૮૨માં ગુજરાતનું સ્થાન રાષ્ટ્રીય સ્તરે મજબૂત રહેશે

સંવત ૨૦૮૨ દરમિયાન ગ્રહગતિ મુજબ ગુજરાત રાજ્ય પર અલગ-અલગ ક્ષેત્રોમાં પ્રભાવ જોવા મળશે. આ વર્ષે શનિ મીનમાં, ગુરુ મિથુન-કર્કમાં, તથા રાહુ કુંભમાં રહેતા હોઈ, રાજ્યની રાજકીય, આર્થિક અને સામાજિક પરિસ્થિતિ પર ખાસ અસર જોવા મળશે.

**રાજકીય ક્ષેત્ર :** રાજકીય સ્તરે સ્થિરતા રહેશે, પરંતુ પક્ષો વચ્ચે વિચારોનું અથડામણ વધી શકે છે છતાં સરકારના મોટાભાગના નિર્ણયો લાંબા ગાળે લાભદાયી સાબિત થશે. યુવા નેતાઓને આગળ વધવાની તકો મળશે.



**આર્થિક ક્ષેત્ર :** આ વર્ષે ગુજરાતની ઉદ્યોગ ધંધા, ખાસ કરીને કેમિકલ્સ, ડાયમંડ-જ્વેલરી અને કાપડ ક્ષેત્રમાં વૃદ્ધિજોવા મળશે. વિદેશી રોકાણમાં વધારો થશે. જોકે ખેતી-કૃષિ ક્ષેત્રે વરસાદની અનિશ્ચિતતા હોવાને કારણે ક્યારેક મુશ્કેલીઓ આવી શકે. રાજ્ય સરકાર ખેતી માટે નવી યોજનાઓ લાવશે. વ્યાપાર-ઉદ્યોગ અને સ્ટોક માર્કેટ માં ગુજરાતીઓનો દબદબો જળવાયેલો રહેશે.

**શિક્ષણ અને વિજ્ઞાન :** ગુજરાતના વિદ્યાર્થી વર્ગ માટે આ વર્ષ પ્રગતિદાયક રહેશે. વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રમાં નવા પ્રોજેક્ટ શરૂ થશે. ખાસ કરીને સૌર ઊર્જા અને ગ્રીન ટેકનોલોજીમાં રાજ્ય આગેવાની કરશે.

**આરોગ્ય અને પર્યાવરણ :** કેટલાક મહિનાઓમાં વાતાવરણીય બીમારીઓ, ડેન્ગ્યુ-મલેરિયા જેવા રોગચાળો ફેલાવાની શક્યતા છે. સરકારના આરોગ્ય વિભાગને ખાસ સતર્ક રહેવું પડશે. પર્યાવરણને લગતા પ્રશ્નો, ખાસ કરીને જળકટોકટી અને પ્રદૂષણ મુદ્દે ચિંતાઓ વધશે.

**આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય સંબંધો :** ગુજરાત રાજ્યનું સ્થાન રાષ્ટ્રીય સ્તરે મજબૂત રહેશે.વિદેશી વેપાર, ખાસ કરીને અમેરિકા, આફ્રિકા અને ગલ્ફ દેશો સાથેનું વેપાર વધશે. ગુજરાતના ઉદ્યોગપતિઓ વૈશ્વિક બજારમાં આગેવાની કરશે.

**નિષ્કર્ષ :** આ રીતે, સંવત ૨૦૮૨ ગુજરાત રાજય માટે રાજકીય રીતે થોડી ઉથલ-પાથલવાળું, પરંતુ આર્થિક અને ઔદ્યોગિક રીતે તેજી ભરેલું વર્ષ રહેશે. સામાન્ય જનજીવનમાં ક્યારેક અડચણો આવતી હોવા છતાં શિક્ષણ, વેપાર, ઉદ્યોગ અને ધાર્મિક-સાંસ્કૃતિક ક્ષેત્રે રાજ્ય આગળ વધી શકશે.